ગાંધીનગર સમાચાર

જિલ્લામાં પંચાયતની ચૂંટણીમાં ૧૩૫૦ બેલેટ બોક્સ વપરાશે

# નાગરિક બેંકના ચેરમેન પદે ઘનશ્યામ પટેલની વરણી

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં નવા હોદ્દેદારોની વરણી બેંકના વાઈસ ચેરમેન તરીકે અશોકભાઈ પટેલ અને એમ.ડી. તરીકે મનુભાઈ પટેલ**





ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેન્કની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક દરમિયાન વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષ માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેનપદે ઘનશ્યામ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે અશોક પટેલની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત મેનેજીંગ ડિરેક્ટર તરીકે મનુભાઈ પટેલને નિમણુંક આપવામાં આવી છે. નવા વરાયેલા હોદ્દેદારો ૧ ડિસેમ્બરના રોજ પદગ્રહણ કરશે.

જુના વર્ષના ચેરમેન ડૉ. હિમાંશુ પટેલ, વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ એમ. શાહ તથા મેનેજીંગ ડિરેક્ટર મનુભાઈ બી. પટેલ તરફથી વર્ષ દરમિયાન મળેલ સાથ અને સહકાર બદલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, મેનેજર તથા સ્ટાફ પરિવારે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

નવા વરાયેલા ઘનશ્યામ કે. પટેલ ગાંધીનગરના યુવા અગ્રણી છે, મુળ અંબાપુર ગામના વતની છે તેમને ભારત સરકાર તરફથી નેશનલ યુથ એવોર્ડ એનાયત કરાયો છે.

● અનુસંધાન પાન-૭ પર



શિયાળાની સવારે ગાંધીનગર બન્યુ હિલ સ્ટેશન

# જિલ્લા પંચાયતના ૬ વાહનો કન્ડમ કરી નિકાલ કરવા તાકીદ

**સેવાઓ ગુણવત્તાસભર બને તે માટે જિલ્લા વિકાસ અધિકારીની તીખી ટકોર**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૬ ગાડીઓ કન્ડમ કરી અને તેનો ઝડપથી નિકાલ થાય તે માટે કાર્યપાલક ઈજનેરને સૂચના આપવામાં આવી છે.

ગઈકાલે પંચાયતના શાખાધિકારીઓની મળેલ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીએ આ સૂચના આપી હતી.

પંચાયત સંકુલની પાર્કિંગ વ્યવસ્થા અંગેની સમીક્ષા દરમ્યાન તેમણે કન્ડમ કરવા પાત્ર વાહનો અંગેની કાર્યવાહી ઝડપથી થાય તેમ જ તેનો નિકાલ થાય તે જોવા જણાવ્યુ હતુ. નવી પાર્કિંગ વ્યવસ્થા માટે પણ વધુ ધ્યાન આપવાની હળવી ટકોર કરી તેમણે જણાવ્યું હતું કે જે તે વિભાગની ગાડી તેને ફાળવવામાં આવેલ જગ્યા પર જ પાર્ક થાય તે જોવુ જોઈએ.

જિલ્લા વિકાસ અધિકારી દેસાઈએ ક્ષેત્રીય કચેરીઓની મુલાકાત નિયમિત સમયાંતરે લેવા તેમજ તેમાં જણાતી ક્ષતિઓ અંગે તેમનુ ધ્યાન દોરવામાં આવે તે માટે વિશેષ આગ્રહ કર્યો હતો. આરોગ્ય તંત્ર હસ્તકના સંકુલોમાં સ્વચ્છતા અને ગુણવત્તાસભર સેવાઓ માટે પણ આગ્રહ કર્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના દફતર

● અનુસંધાન પાન-૭ પર

# આજે પગાર દિવસે બેંકોની કસોટી

**પગાર-પેન્શન પર ઘર ચલાવતા ગાંધીનગરના મોટાભાગના વસાહતીઓ પહેલી તારીખે જ બેંકો પર ઉમટી પડશે : અરાજકતાભરી સ્થિતિને નિવારવા બેંકોની સજ્જતા જરૂરી**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જેવા શહેરમાં સરકારી નોકરીયાતો અને પેન્શનરોની સંખ્યા વધુ છે. એક અંદાજ મુજબ એક લાખ જેટલા સરકારી નોકરીયાતો અને પેન્શનરો શહેરમાં વસવાટ કરે છે. ત્યારે પહેલી તારીખે બેંકોની ખરા અર્થમાં કસોટી થશે. નોટબંધી બાદ બેંકો પાસે રોકડ રકમ ઓછી છે ત્યારે પગાર અને પેન્શનની ચુકવણી કેવી રીતે થશે તેની સૌને ચિંતા છે.

નોટબંધી અમલમાં આવ્યે આજે વીસ દિવસથી વધુ થઈ ગયા છે તેમ છતાં હજુ પરિસ્થિતિ થાળે પડતી નજરે ચઢતી નથી. બેંકોમાં રોકડ રકમ લેવા માટે લાઈનો યથાવત છે. રોકડ પ્રાપ્ત કરવાનું સરળ માધ્યમ એવા એટીએમમાં પૈસા જ નથી. જ્યાં પૈસા છે ત્યાં લાંબી લાંબી કતારો જ જોવા મળે છે. તમામ દાવાઓ છતાં બેંકો પાસે મર્યાદિત સ્વરૂપમાં જ રોકડ રકમ ઉપલબ્ધ છે. બેંકોના ધક્કા ખાઈને સૌ કોઈ પરેશાન થઈ ગયા છે. અત્યાર સુધી નાના વેપારીઓ અને ખેડૂતોને જ વધુ મશ્કેલી પડી રહી હતી હવે પગારદારો અને પેન્શનરોનો વારો છે. હવે રોકડમાં પગાર કે પેન્શન ચુકવાતુ નથી. તમામ પેમેન્ટ ઓનલાઈન જમા થાય છે. પગાર અને પેન્શન માટે બેંકોમાં જવું જ પડે છે.

આવતીકાલે પગાર તારીખ છે. મોટાભાગના પગારદારોનો પગાર પહેલીએ થઈ જાય છે. પેન્શન પણ બેંકોમાં જમા થઈ જાય છે. હવે જ્યારે બેંકો પાસે નાણાં જ નથી ત્યારે પગાર અને પેન્શન કેમ કરીને મેળવાશે તેની સૌને ચિંતા છે. ઘણા પગારદારો અને પેન્શનરો પગાર-પેન્શન જમા થાય ત્યારે જ મોટાભાગની રકમ ઉપાડી ઘર ખર્ચ ચલાવે છે. નોટબંધી બાદ પ્રથમવાર પગાર તારીખ આવી રહી છે ત્યારે સ્વાભાવિક રીતે જ બેંકોમાં લાંબી કતારો લાગશે તેમાં કોઈ બેમત નથી. રોકડ ચુકવવામાં કે વ્યવસ્થા સાચવવામાં બેંકો જો ઉણી ઉતરશે તો હોબાળો થવાની પુરેપુરી શક્યતાઓ છે. બેંકો માટે આગામી કેટલાક દિવસો કસોટી સ્વરૂપ હશે. આ કટોકટીને બેંકો કેવી રીતે પહોંચી વળશે જે જોવું રહ્યું.

# જિલ્લાની ઉચ્ચતર માધ્યમિકમાં ૩૩ અને માધ્યમિક શાળાઓમાં ૧૨ શિક્ષકોની ઘટ

**પ્રથમ તબક્કામાં ૧૦૩ શિક્ષકોની ભરતી કરવામાં આવી : બીજા તબક્કાનો ભરતી કેમ્પ તા ૨ અને ૩ ડિસેમ્બરના રોજ યોજાશે**

ગાંધીનગર તા ૩૦

જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા યોજાયેલા શિક્ષકોના ભરતી કેમ્પના અંતે માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન હલ થયો છે. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૮૯ તેમજ માધ્યમિક વિભાગમાં ૧૨ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. જુદા જુદા વિષય શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. હજુ આગામી તા ૨ અને ૩ ડિસેમ્બરના રોજ સવારે -૧૦ કલાકે સે-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાલયમાં બીજા તબક્કાનો ભરતી કેમ્પ યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે શિક્ષકોના અભાવે વિદ્યાર્થીઓને પાયાનુ શિક્ષણ યોગ્ય રીતે મળતુ ન હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. આધુનિક શિક્ષણ પધ્ધતિની ભરમાર વચ્ચે ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે સમાજના શિક્ષણવિદોમાં પણ ચિંતા પ્રવર્તી છે. આવા સંજોગોમાં શાળાઓમાં વિવિધ વિષયોના શિક્ષકોની ઘટ નિવારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ભરતી કેમ્પનુ આયોજન કરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાને અનુલક્ષીને પણ સપ્તાહ પુર્વે આ પ્રકારના ભરતી કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જે અન્વયે જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. સુત્રોના જણાવ્યા મુજબ ભરતી કેમ્પના અંતે જિલ્લાની માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ૨૬ ખાલી જગ્યા પૈકી ૧૪ ની ભરતી કરવામાં આવી હતી. જયારે હજુ પણ અન્ય ૧૨ જગ્યાઓ ખાલી છે. જયારે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષકોની ૧૨૨ ખાલી જગ્યાઓ હતી. જયારે આ પૈકી કેમ્પ દરમિયાન ૮૯ શિક્ષકોની ભરતી કરવામાં આવી હતી. જયારે હાયર સેકન્ડરી વિભાગમાં હજુ પણ ૩૩ જગ્યાઓ ખાલી છે. શિક્ષણતંત્રના જણાંવ્યા મુજબ હજુ આગામી તા ૨ અને ૩ ડિસેમ્બરના રોજ શિક્ષકોની ભરતી માટે કેમ્પ યોજવામાં આવશે. સે-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલમાં સવારે ૧૦ કલાકે ભરતી કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૨ ડિસેમ્બરના રોજ ઉચ્ચતર માધ્યમિક તેમજ ૩ ડિસેમ્બરના રોજ માધ્યમિક વિભાગના શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

# જિલ્લામાં પંચાયતની ચૂંટણીમાં ૧૩૫૦ બેલેટ બોક્સ વપરાશે

**બે કલરના મતપત્ર હશે : સરપંચ માટે અલાયદુ અને વોર્ડના સભ્ય માટે અલાયદા કલરનું મત પત્ર રખાશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ડિસેમ્બર માસમાં યોજાનાર ૧૯૪ પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે ૧૩૫૦ બેલેટ બોક્સની જરૂરિયાત રહેશે.

૧૯૭૪ જેટલા પંચાયત પદાધિકારીઓની પસંદગી માટે મતપત્ર તૈયાર કરાશે. આ મતપત્રો પણ બે કલરના હશે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મહત્વના સ્થાનિક સ્વરાજ્યના જંગ માટે ૪૨ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ રહેશે. આ ચૂંટણી માટે ૫૭૯ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

આગામી સપ્તાહમાં આ ચૂંટણી માટેનું વિધિવત્ જાહેરનામુ પ્રગટ કરાશે અને તે સાથે જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે. જિલ્લામાં હાલ આ ચૂંટણી માટે આદર્શ આચારસંહિતાનો અમલ પણ શરૂ થઈ ચુક્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણીનો માહોલ ધીમી ગતિએ પકડાઈ રહ્યો છે. જો કે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસ પછી માહોલમાં ગરમાવો જોવા મળશે તેમ મનાઈ રહ્યું છે. હાલ બેઠકોનો સિલસિલો ચાલી રહ્યો છે.

જિલ્લાની ૧૯૪ ગ્રામ પંચાયતોમાં ખેલાનાર આ જંગ માટે તંત્રએ તૈયારીઓ પૂરજોશમાં હાથ ધરી દીધી છે. ૯૭ મહિલા સરપંચો બનશે. ૪.૫૦ લાખ મતદારો આ મતદાનમાં પોતાના અધિકારનો ઉપયોગ કરશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com